IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ભરૂચ જિલ્લાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનું ગુજરાતી શબ્દભંડોળ –એક અભ્યાસ

Tushar Omdatt Dave

Assistant professor Satyam B.Ed. college bharuch


<u>સંશોધન સારાંશ</u>

ભાષા એ માનવીની મહત્વની સિદ્ધિ છે. તે માનવીને અન્ય પ્રાણીઓથી અલગ પાડે છે. ભાષાના વિકાસમાં શબ્દોનું મહત્વનું યોગદાન રહ્યું છે. કોઇપણ ભાષાને તેનું શબ્દ ભંડોળ જ વિકસિત કરે છે. વ્યક્તિ વ્યક્તિએ શબ્દ ભંડોળમાં ભેદ કે તફાવત જોવા મળે છે , આ બાબત ને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. ‘ ભરૂચ જિલ્લાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનું ગુજરાતી શબ્દભંડોળ –એક અભ્યાસ ‘ એ પ્રસ્તુત સંશોધનનો વિષય હતો. ભરૂચ જિલ્લામાં માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પર્યાવરણ સંબંધી , રોજિંદા વ્યવહારિક શબ્દભંડોળ, સ્થાનીય સંબંધી શબ્દભંડોળ તેમ જ કુમારો અને કન્યાઓ વચ્ચેના શબ્દભંડોળ ભેદ જાણવાનો પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ હતા. નમુના તરીકે ભરૂચ જિલ્લાની માધ્યમિક શાળાના ૩૦૦ વિદ્યાર્થીઓ {૧૫૦ કુમારો + ૧૫૦ કન્યાઓ ]નો સમાવેશ કરવામાં આવ્યો હતો. સ્વરચિત શબ્દભંડોળ કસોટીનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. ટકાવારી અને સરાસરી અંકશાસ્ત્રીય પ્રયુક્તિ દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું. પર્યાવરણ સંબંધી વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ ખુબ સારું હતું. સ્થાનીય સંબંધી વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ ખુબ સારું હતું. રોજિંદા વ્યવહારમાં ઉપયોગમાં લેવાતા વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ ખુબ ઊચું હતું. પર્યાવરણ સંબંધી, સ્થાનીય સંબંધી અને રોજિંદા વ્યવહાર સંબંધી કન્યાઓનું શબ્દભંડોળ કુમાર કરતા વધુ સારું જોવા મળ્યું હતું.


<u>પ્રસ્તાવના</u>

ભાષા એ માનવીની મહત્વની સિદ્ધિ છે. તે માનવીને અન્ય પ્રાણીઓથી અલગ પાડે છે. પ્રાણીઓં પણ પોતાની ઈચ્છા અને મહત્વની લાગણી વ્યક્ત કરવા વિશેષ પ્રકારના ધ્વનીઓનું ઉચ્ચારણ કરે છે. આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ હરણફાળ ભરી છે દિવસે ને દિવસે શિક્ષણનો વ્યાપ.પણ ભરતી આવી છે તેની સાથે જ્ઞાનની ગંગામાં . તેમાંય .તેમાં ઉત્તરોતર નવા નવા અભ્યાસક્રમોને ઉમેરો થઇ રહયો છે .વધી રહયો છે ખાસ કરીને અંગ્રેજી ભાષાના શિક્ષણ પર વધુ ભાર મુકવામાં આવી રહયો છેદિવસેને દિવસે . અંગ્રેજી ભાષા પર વધુ ભાર મુકતાની સાથે સાથે માતૃભાષા પ્રત્યે દુલક્ષ સેવાતુ ગયો છેપણ અધ્યેતાની પોતાની માતૃભાષા જ અન્ય ભાષા એક જ ભાષા અને તે . જયાં સુધી અધ્યતાની માતૃભાષાની ભાષાની વેજ્ઞાનિક ક્ષમતા .શિખવા માટે શિસ્તનું મુલ્ય પ્રદાન કરી શકે સંતોષકારક રીતે પાંગર ી ન હોય ત્યાં સુધી બીજી કોઇ પણ ભાાષા પર પ્રભુત્વ મેળવવા જવાનો પ્રયત્ન નિરથક છે . છતાં કયાંક એની ઉપેક્ષા થતી હોય તેવુ .પણ છે જ માતાની હુંફની બાળકને જેટલી જરૂર છે તેટલી જ માતૃભાષાની બાળકને માતા તરફથી મળેલી ભાષા .જણાય છે, પરિવારમાં બોલાતી ભાષા એટલે માતૃભાષાજ .ે ભાષામાં બાળક હસ્યું, રડ્યું, જે ભાષાનો શબ્દ બાળકે સૌપ્રથમ સાંભળ્યો, કાલુઘેલુ બોલવાનો પ્રયત્ન જે ભાષામાં બાળકે કર્યો-, બાદમાં તે ભાષાનું શબ્દભંડોળ સમૃદ્ધ થવાથી તેના પર પ્રભુત્વ આવ્યું, જે ભાષામાં વિચારવાનું, લાગણીઓ અનુભવવાનું, તેમજ લાગણીઓ અને વિચારો પ્રદર્શિત કરવાનું બાળક શીખ્યું તે ભાષા એટલે માતૃભાષાજે ભાષાએ બાળકમાં . બોલવું 'નમસ્કાર' બે હાથ જોડીને .ત.દા : સંસ્કારસિંચન કર્યું તેમજ સંસ્કૃતિ આપી, ચરણસ્પર્શ કરીને પગે લાગું ' બોલવું 'પિતાજી, વગેરે સંસ્કાર ભાષા તરફથી મળે છે.શિક્ષણમાં શબ્દભંડોળ ની જાણકારીની અસર થતી હોય તો તે

કેવી હોઇ શકે, વિદ્યાર્થીઓના શબ્દભંડોળ પ્રમાણમાં શી શી સામ્યતાઓ કે ભીન્નાતાઓ હોઇ શકે , વગેરે જેવા પ્રશ્નો ના ઉત્તરો મેળવવાના હેતુથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

<u>સંશોધનના હેતુઓ</u>

૧. ભરૂચ જિલ્લાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના પર્યાવરણ સંબંધી , માતૃભાષા સંબંધી , વ્યવહારિક સંબંધી ગુજરાતી શબ્દભંડોળ જાણવા શબ્દભંડોળ  કસોટીની રચના કરવી.

૨. ભરૂચ જિલ્લાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના પર્યાવરણ સંબંધી , માતૃભાષા સંબંધી , વ્યવહારિક સંબંધી ગુજરાતી શબ્દભંડોળ જાણવા.

૩. ભરૂચ જિલ્લાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના {૧૫૦ કુમારો + ૧૫૦ કન્યાઓ ]ગુજરાતી શબ્દભંડોળનો તુલનાત્મક અભ્યાસ કરવો.

<u>સંશોધનના પ્રશ્નો</u>

૧. ભરૂચ જિલ્લાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના પર્યાવરણ સંબંધી શબ્દભંડોળ કેવું હશે?
૨. ભરૂચ જિલ્લાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના માતૃભાષા  સંબંધી શબ્દભંડોળ કેવું હશે?
૩. ભરૂચ જિલ્લાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વ્યવહારિક સંબંધી શબ્દભંડોળ કેવું હશે?
૪. ભરૂચ જિલ્લાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના {૧૫૦ કુમારો + ૧૫૦ કન્યાઓ ]ગુજરાતી શબ્દભંડોળનો તફાવત કેવો હશે?

<u>સંશોધનનું મહત્વ</u>

૧. શબ્દભંડોળ પરના પ્રસ્તુત અભ્યાસ દ્વારા વર્તમાન સમયના શિક્ષકો , પાઠ્યપુસ્તક  લેખકો , અભ્યાસક્રમ રચયિતાઓ , વાલીઓ અને અધ્યયન ક્ષેત્રે જીજ્ઞાશા ધરાવનારા સહુને માર્ગદર્શન મળી શકશે.
૨. વાલીઓ પોતાના બાળકોને શબ્દભંડોળમાં વૃદ્ધિ માટે પ્રોત્સાહિત પર્યાવરણ સર્જવાની પ્રયુક્તિ તેમજ દિશાસૂચન મેળવી શકશે.
૩.શબ્દભંડોળ વૃદ્ધિ માટે શિક્ષકો અને કેળવણીકારો સ્વ અધ્યયન સામગ્રીની રચના કરી શકશે.

<u>સંશોધનનું સીમાંકન</u>

૧. પ્રસ્તુત સંશોધન ભરૂચ જિલ્લાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના {૧૫૦ કુમારો + ૧૫૦ કન્યાઓ ]ગુજરાતી શબ્દભંડોળની જાણકારી માટે હાથ ધરવામાં આવ્યો હતો.

૨. પ્રસ્તુત સંશોધન ભરૂચ જિલ્લાના શહેરી માધ્યમિક શાળાઓ પુરતું જ સીમિત રાખવામાં આવ્યું હતું.

<u>સંશોધન પધ્ધતિ</u>

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષન પદ્ધતિએ હાથ ધરવામાં આવ્યું હતું.

<u>વ્યાપવિશ્વ અને નમુના પસંદગી</u>

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપ વિશ્વ તરીકે ભરૂચ જિલ્લાના શહેરી માધ્યમિક શાળાઓ હતી. જયારે નમુના તરીકે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના {૧૫૦ કુમારો + ૧૫૦ કન્યાઓ ]ગુજરાતી શબ્દભંડોળની જાણકારી માટે હાથ ધરવામાં આવ્યો હતો.નમુનાની પસંદગી યાદચ્છિક રીતે કરવામાં આવી હતી.

ઉપકરણ

પ્રસ્તુત સશોધનમાં માહિતી એકત્રીકરણ માટે સ્વરચિત શબ્દ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો . જે અંતર્ગત પર્યાવરણ સંબંધી શબ્દો, માતૃભાષા સંબંધી શબ્દો, અને રીજીંદા વ્યવહાર ના શબ્દોને ધ્યાન માં રાખીને કસોટીની રચના કરવામાં આવી હતી, જેના પર વિદ્યાર્થીઓએ શાબ્દિક લેખિત પ્રતીચારો આપવાના હતા.

માહિતી એકત્રીકરણની રીત

પ્રસ્તુત સંશોધન માટેની જરૂરી માહિતી સંશોધકે રૂબરૂ શાળામાં હાજર રહી ઉપકરણના માધ્યમથી મેળવી હતી.

માહિતી પૃથકકરણની  રીત

પ્રસ્તુત સંશોધન માં કસોટી માં મળેલ શબ્દો પર કુમાર અને કન્યા જે તે શબ્દોને અંકિત કાર્ય હતા તેનું સારણીમાં નિરૂપણ કરવામાં આવ્યું હતું. આ પ્રમાણે સારણી માં પ્રાપ્ત પ્રતિચાર સ્વરૂપ પ્રપ્તાન્કોને ટકાવારીમાં રૂપાંતરિત કર્યા હતા. તથા અર્થઘટન કરવા માટે આંકડા શાસ્ત્રીય સરાસરી રીતનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સંશોધનના તારણો

૧.  પર્યાવરણ સંબંધી શબ્દોમાં વિદ્યાર્થીઓ સરેરાશ ૩૦ જેટલા વ્રુક્ષોન નામ, ૨૫ જેટલા પર્વતોના નામ અને મહાનાદીઓના નામ જાણતા હતા.
૨. પર્યાવરણનો શબ્દ ભંડોળ કુમારો કરતા કન્યાઓ વધુ સારો ધરાવતી  હતા.
૩. વિવિધ માતૃભાષા શબ્દભંડોળ ૨૦ જેટલા શબ્દો જાણતા હતા.
૪.વિવિધ માતૃભાષા શબ્દભંડોળ કુમારો કરતા ઊચું હતું.
૫. રોજિંદા વ્યવહારના શબ્દો સંબંધી અલગ અલગ કુલ ૨૨૦ જેટલા શબ્દો જાણતા હતા.
૬. રોજિંદા વ્યવહાર સંબંધી કન્યાઓના શબ્દભંડોળ કુમારો કરતા ઉંચા જોવા મળ્યા હતા.

સમાપન

ભાષા એ સંવાદનું માધ્યમ છેઆપણે આપણા વિચારો ., ઉર્મિઓ, ભાવનાઓની અભિવ્યકિત ભાષાના માધ્યમથી કરીએ છીએપરીણામે આપણો .પણ પોતાની માતૃભાષામાં આ કાર્ય ખુબ જ સરળતાથી કરી શકીએ છીએ તેમાં . સઘળો વ્યવહાર શિક્ષણ વ્યવસ્થા માતૃભાષા આધારિત છે. આપણા દેશના ઘણા રાજયોની રચના પણ ભાષા આધારિત થયેલ છેજેમકે ., ગુજરાત તો ગુજરાતી, મહારાષ્ટ્ર તો મરાઠી, પંજાબ તો પંજાબી, તામિલનાડુ તો તામિલ.ભાષા ની સફળતામાં શબ્દો વૈવિધ્ય અને શબ્દભંડોળ મહત્વની ભૂમિકા ભાજ્હે છે. ગરવી ગુજરાત અને તેની મૂળભૂત ભાષા ના ઉત્તરોત્તર લુપ્ત થતા જતા શબ્દોને પુનઃ દૈદીપ્યમાન બનાવવાની સાથે પ્રાથમિક કક્ષાએથિ જ બાળકોની ભાષાકીય ક્ષમતા અને અભિવ્યક્તિ અસરકારક બને તો જ સંશોધાકનો પ્રસ્તુત સંશોધન માટેનો પ્રયાસ સાર્થક ગણાશે.